PROM

# જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૨૯ /૨૦૧૮**
**તા.૧૯/૯/૨૦૧૮**

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં આગામી તા.૨૩/૯/૨૦૧૮ ના રોજ શ્રી ગણેશ વિસર્જન નિમિત્તે વાહન વ્યવહારનાં સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ:-**

અમદાવાદ શહેરમાં આગામી તા.૨૩/૯/૨૦૧૮ નાં રોજ શ્રી ગણેશ વિસર્જન નિમિત્તે તમામ પ્રકારના વાહનો (શ્રી ગંણેશ વિસર્જન પ્રોસેશન સિવાયના) બપોર કલાક ૧૩.૦૦ વાગ્યાથી નીચે મુજબના રસ્તા પર જઇ શકશે નહી પરંતુ તેની નીચે જણાવેલ વૈકલ્પિક રુટ પરથી આવ-જા કરી શકાશે.

**(૧) એસ.ટી. (ગીતામંદીર) થી જમાલપુર બ્રીજ ઉપર થઇ સરદારબ્રીજ થઇ પાલડી તરફ આવ-જા કરી શકાશે નહી.**

**વૈકલ્પિક રૂટ :-**

એસ.ટી. (ગીતામંદીર) થી જમાલપુર બ્રીજ નીચે (ચાર રસ્તા) થી ડાબી બાજુ બહેરામપુરાથી દાણિલીમડા ચાર રસ્તા થઇ જમણીબાજુ વળી આંબેડકરબ્રીજ થઇ અંજલી ચાર રસ્તાથી પાલડી ચાર રસ્તા થઇ આશ્રમ રોડ ઉપર આવ-જા કરી શકાશે.

**(૨) એસ.ટી. ગીતામંદીર થી રાયપુર ચાર રસ્તા થઇ સારંગપુર સર્કલથી રેલ્વે સ્ટેશનથી કાલુપુર ઇનગેટ તરફ આવ-જા કરી શકાશે નહી.**

**વૈકલ્પિક રૂટ :-**

એસ.ટી.થી ભુલાભાઇ ચાર રસ્તા થી કાંકરીયા ચોકી થઇ ખોખરાબ્રીજના પૂર્વ છેડેથી ડાબી બાજુ વળી ગોમતીપુર રેલ્વે કોલોની થઇ કાળીદાસ ચાર રસ્તા થઇ સરસપુર આંબેડકર હોલ થઇ કાલુપુર બ્રીજ થઇ રેલ્વે સ્ટેશન ઇનગેટ તથા નરોડા તરફ આવ-જા કરી શકાશે.

**(૩) રેલ્વે સ્ટેશનથી સારંગપુર સર્કલ થઇ કાગડાપીઠથી રાયપુર ચાર રસ્તાથી આસ્ટોડીયા દરવાજાથી ખમાસા ચાર રસ્તાથી વિક્ટોરીયા ગાર્ડનથી એલીસબ્રીજ થી ટાઉનહોલ સર્કલ સુધી આવ-જા કરી શકાશે નહી.**

**વૈકલ્પિક રૂટ :-**

રેલ્વે સ્ટેશન થઇ કાલુપુર સર્કલ થઇ કાલુપુર બ્રીજ થઇ આંબેડકર હોલ થઇ માણેકલાલ મિલ થઇ કાળીદાસ ચાર રસ્તા થઇ ગોમતીપુર રેલ્વે કોલોની થઇ ખોખરાબ્રીજ થઇ કાંકરીયા ચોકીથી ફુટબોલ ગ્રાઉન્ડથી ડાબી બાજુ વળી અપ્સરા સિનેમા ચાર રસ્તાથી જમણી બાજુ વળી બી.આર.ટી.એસ. રૂટ થઇ દાણિલીમડા ચાર રસ્તાથી સીધા આંબેડકર બ્રીજ થઇ અંજલી સર્કલથી પાલડી થઇ આશ્રમ રોડ ઉપર આવ-જા કરી શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ ,એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ .

આ જાહેરનામાનો અમલ તા.૨૩/૯/૨૦૧૮ ના કલાક ૧૩.૦૦ થી શ્રી ગણેશ વિસર્જન પુરુ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/પોલીસ કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૮/૦૯/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.




**તા.૧૮/૦૯/૨૦૧૮**
**અમદાવાદ શહેર**

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :-**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, ગુ.રા.ગાંધીનગર.
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :**

(૧) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.